પરિપત્ર

તાત્કાલિક

નં. મકમ /આઉટસોર્સ / ૬૧૦૭

નિયામક, સમાજ સુરક્ષા ખાંતાની કચેરી,
ગુ.રા., ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૬, જૂના સચિવાલય,
ગાંધીનગર.

તા.૧૫-૩-૨૦૦૭

વિષયઃ- વર્ગ-૪ની ખાલી જગ્યાઓ આઉટસોર્સથી કરારનાં ધોરણે ભરવા બાબત.

આથી તમામ બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને જણાવવાનું કે, સરકારી કચેરીઓમાં વર્ગ-૪ની ખાલી જગ્યાઓ આઉટસોર્સથી કરારનાં ધોરણે ભરવા અંગેનો સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૦-૧૧-૨૦૦૬નો ઠરાવ નં. મકમ/૨૦૦૪/૨૫૩૯/ખ-૩ આ કચેરીનાં તા.૧૩-૧૨-૨૦૦૬નાં પત્ર નં. મકમ/પી.એફ./૦૬-૦૭/૪૩૯૮ થી ખાતા હસ્તકની તમામ સરકારી સંસ્થા/કચેરીઓને મોકલી આપેલ છે.

આ ઠરાવની જોગવાઈ મુજબ આઉટસોર્સ માટે જિલ્લા કલેકટરશ્રી એજન્સી નક્કી કરી શકશે તેવી વૈકલ્પિક જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ આ અંગે કલેક્ટરશ્રી દ્વારા કોઈ એજન્સી નક્કી થઈ ન હોય તો કચેરીનાં વડા સંસ્થા/કચેરીઓમાં વર્ગ-૪ની ખાલી જગ્યાઓ ભરવી અનિવાર્ય છે. આથી કલેક્ટરશ્રી દ્વારા કાર્યવાહી ન થઈ હોય તો કલેક્ટરશ્રી દ્વારા એજન્સી નક્કી ન થયા ત્યાં સુધી ખાતાનાં સંબંધિત જિલ્લાના બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ જિલ્લામાં આવેલ કચેરીઓ માટે વર્ગ-૪ની જગ્યાઓ આઉટસોર્સથી ભરવા જાહેરાત આપી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સ્થળપ્રત પર નિયામકશ્રીની સહી છે:-

નિયામક વતી
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાનાઃ-

સર્વે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ.